અંગત ધ્યાન માટે/સમય-મર્યાદિત

P. K. TANEJA, I.A.S.
Secretary

सत्यमेव जयते

No. પત્રકમાંકઃઅબક/૧૦૨૦૦૩/૧૩૦૩/ક

SOCIAL JUSTICE & EMPOWERMENT DEPARTMENT
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
Government of Gujarat
ગુજરાત સરકાર
5/8, Sardar Patel Bhavan, Sachivalaya,
૫/૮, સરદાર પટેલ ભવન, સચિવાલય,
Gandhinagar-382 010
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

6-5-09

પ્રતિ
શ્રીમતી રીટા તેવટીયા,
અગ્રસચિવશ્રી - વ - કમિશ્નરશ્રી,
ગ્રામ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

વિષયઃ- ગુજરાત રાજયની આવાસ યોજનાઓની યુનિટ કોસ્ટ એકસરખી રાખવી તથા તાલુકા દીઠ કલસ્ટર અભિગમથી આવાસો બનાવવા/અમલીકરણ કરવા બાબત.

મહોદયા

ઉપર્યુકત વિષયે આપશ્રીનું સવિનય માયાળુ ધ્યાન દોરતાં જણાવવાનું કે પંચાયત, ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા:૨-૩-૦૯ ના ઠરાવથી ઉપસ્થિત થયેલ પરિસ્થિતિના સંદર્ભમાં આપશ્રી સાથે વિગતે ચર્ચા થયેલ છે ઉપરાંત મા.અગ્રસચિવશ્રી, પંચાયત વિભાગની ઉપસ્થિતિમાં પણ આ વિભાગની રજુઆતો અંગે વિગતે ચર્ચા વિચારણા થયેલ છે અને તે અંગેની બાબત સરકારશ્રીમાં ઉચ્ચ કક્ષાએ નિર્ણય અર્થે ગતિમાં છે.

૨. દરમ્યાન, આ ખાતાં હસ્તકની આવાસ યોજનાઓના સંદર્ભમાં આ ખાતાને મળેલ સંખ્યાબંધ રજુઆતોના સંદર્ભમાં એવી બાબત રજુ થયેલ છે કે ગ્રામ વિકાસ વિભાગ દ્વારા તૈયાર કરાયેલ બી.પી.એલ. યાદીમાં અનુસૂચિત જાતિના તેમજ વિકસતી જાતિના પાત્રતા ધરાવતાં હોય તેવાં સંખ્યાબંધ કુટુંબોનો સમાવેશ આ યાદીમાં કરવાનો રહી ગયેલ છે. આ સંદભમાં આપશ્રીએ એવી સંમતી આપી હતી કે પ્રવર્તમાન

..૨..

નિયમોની જોગવાઇ અન્વયે વર્ષમાં એકવાર બે માસ માટે આવી યાદી અપડેટ કરવાની જોગવાઇ છે. પરંતુ સમાજ કલ્યાણ પ્રભાગ દ્વારા અનુસૂચિત જાતિ /વિકસતી જાતિના લાભાર્થીઓ જો પાત્રતા ધરાવતા હશે અને તેમના નામોનો સમાવેશ બી.પી.એલ. યાદીમાં કરવામાં આવેલ નહીં હોય તો જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીને આવી રજુઆતો મળ્યેથી એકાદ માસમાં તેનો નિકાલ કરીને યાદીને અપડેટ કરી આપવામાં આવશે. આપશ્રીની આ સંમતી બદલ અમે આપનો આભાર માનીએ છીએ. ઉપરોત સંદર્ભમા આ વિભાગની નીચે મુજબની રજુઆતો લક્ષમાં લેવા અને ઘટતું કરવા આપને વિનંતી છે.

(૧) જિલ્લા કક્ષાએથી સમાજ કલ્યાણ ખાતાંના અધિકારીઓ દ્વારા અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના પાત્રતા ધરાવતા લાભાર્થીઓના નામોની રજુઆતો મળ્યેથી તેનો તુરત જ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા નિકાલ કરવામાં આવે તેવી સૂચનાઓ આપની કક્ષાએથી પણ સત્વરે પરિપત્રીત કરવા વિનંતી છે. અત્યાર સુધીમાં આ અંગેની સૂચનાઓ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીને આપની કચેરી દ્વારા થયેલ ન હોવાથી આ અંગે આગળની કાર્યવાહી થઇ શકેલ નથી.

(૨) આ વિભાગ દ્વારા સમાજ કલ્યાણ પ્રભાગના જિલ્લા કક્ષાના અધિકારીઓને પણ એવી સૂચના આપવામાં આવી છે કે યોજનાનો લાભ મેળવવાની પાત્રતા ધરાવતા અને જેનું નામ બી.પી.એલ. યાદીમાં ન હોય તેવા લાભાર્થીઓના નામોની યાદી તૈયાર કરીને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીને મોકલી આપવી પરંતુ તેમણે કયા નમૂનામાં અરજી કરવી તે બાબત આપના વિભાગ દ્વારા નિર્ણિત થયેલ ન હોઇ આપને વિનંતી છે કે આ માટે અરજીનો નમૂનો તૈયાર કરાવીને જિલ્લા કક્ષાએ પરિપત્રિત કરવામાં આવે તો તે વહીવટી રીતે ખૂબ જ અનુકૂળ રહેશે. આથી આપને વિનંતી છે કે આ અંગે આપ ઘટતું કરાવશો

(૩) આ ઉપરાંત, સમાજ કલ્યાણ વિભાગ હસ્તકના ક્ષેત્રીય અધિકારીઓ દ્વારા બી.પી.એલ. યાદીમાં નામો દાખલ કરવા માટેની રજુઆત મળે ત્યારબાદ તેના ઉપર નિયમાનુસાર જે કંઇ કાર્યવાહી કરવાની થતી હોય તો તે કરવામાં આવે અને જો પાત્રતા ધરાવતા લાભાર્થીઓ હોય તો તેના નામો ઉમેરવામા આવે. આ કામગીરીનું જિલ્લા કક્ષાએ નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા અથવા આપશ્રી સૂચવો તે રીતે મોનીટરીંગ થાય તે માટે પણ જો કોઇ વ્યવસ્થા ગોઠવવામાં આવે તો તે વધુ ઉપયોગી થઇ રહેશે. આ માટે પણ આપના દ્વારા ઉચિત સૂચના જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓને પાઠવવામાં આવે તેવી વિનંતી છે.

(૪) સમાજ કલ્યાણ વિભાગ દ્વારા જે નામો મોકલવામાં આવે તેનો એકાદ માસમાં નિકાલ થાય તેવું આયોજન પણ ગોઠવાય તે ખૂબ જ ઇચ્છનીય છે. દરમ્યાન

આજે (તા.૮/૬/૦૯) મા.મંત્રીશ્રી (સામાજિક ન્યાય) ના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં રાજયના જિલ્લા સામાજિક ન્યાય સમિતિના ચેરમેનશ્રીઓએ પણ આ અંગે તેમની રજૂઆતો કરી હતી. આ સંદર્ભમાં ઉપર જણાવ્યા મુજબની સૂચનાઓ આપશ્રી દ્વારા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓના નિયામકશ્રીઓને સત્વરે આપવામાં આવશે તો અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિ માટે આવાસ યોજનાના અમલીકરણમાં કોઇ મુશ્કેલી ઉભી ન થાય, બલ્કે તેનું સરળતાથી અમલીકરણ થઇ શકશે. આ અંગે આપશ્રી દ્વારા અપાયેલ સૂચનાઓની એક નકલ આ વિભાગને પણ પાઠવવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(પી.કે.તનેજા)

સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ સવિનય જાણ તથા જિલ્લા કક્ષાએ અધિકારીશ્રીઓને સૂચના આપવાની વિનંતી સહ

(૧) કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ, ગુજરાત રાજય, જુના સચિવાલય, ગાંધીનગર

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, જુના સચિવાલય, ગાંધીનગર

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, જુના સચિવાલય, ગાંધીનગર

(૪) [illegible]